

**વડીલોને વંદન**

**અભિનંદન**



રમેશ હંસરાજ ભાટિયા
(૧૯૫૫) ફોન: ૨૩૨૨૭૯૦૯



રતિલાલ નારણદાસ પીઠડિયા
(૧૯૩૪) ફોન: ૨૩૨૨૬૯૭૮

# મોદીને ત્રાસવાદીઓ ટાર્ગેટ બનાવી શકે : અહેવાલ

## મોદીની સુરક્ષા વ્યવસ્થાને લઇને સાવચેતીના તમામ પગલા લેવાયા : પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઇએસઆઇ અને ઇન્ડિયન મુઝાહીદ્દીન મળીને હુમલાની યોજના બનાવી રહ્યા છે : દાઉદના મામલે મોદીની ટિપ્પણીથી ચર્ચા

નવી દિલ્હી,તા. ૨૭

ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પર હુમલા કરવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આના માટે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ અને ઈન્ડિયન મુઝાહીદીનના લોકો સાથે મળીને કામ કરી રહ્યા હોવાના ચોંકાવનારા અહેવાલ મળ્યા છે. બીજી બાજુ નરેન્દ્ર મોદીએ ડોન દાઉદના સંદર્ભમાં ટિપ્પણી કર્યા બાદથી સામાન્ય લોકોમાં ભારે ચર્ચા છે. મોદીના મિશન દાઉદના સંદર્ભમાં પણ રણનીતિને લઈને જાણકાર લોકોમાં ચર્ચા છે. જો એનડીએ સરકાર સત્તામાં આવશે તો દાઉદને ભારત લાવવા માટે કોઈ નીતિ વહેલીતકે અમલી બનાવવાશે કે કેમ તેને લઈને પણ ભારે ચર્ચા છે. આઈએસઆઈએ દાઉદનો પણ સંપર્ક કર્યો હોવાના અહેવાલ હાલમાં આવી ચુક્યા છે જેમાં મોદીને ટાર્ગેટ બનાવવા કહેવામાં આવ્યું છે. વારાણસી અથવા તો વડોદરામાં મોદીને ટાર્ગેટ બનાવવાના પ્રયાસ થઈ શકે છે.

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે મોદી પર જેલમાંથી હુમલાનુ કાવતરુ ઘડવાના આરોપસર પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન સિમીના ત્રણ કુખ્યાત સભ્યો ઈમ્તિયાઝ, ફેઝલ અને સફદર નાગોરીની પુછપરછ કરી છે. સ્પેશિયલ કમીશ્નર એસએન શ્રીવાસ્તવે માહિતી આપતા કહ્યું છે કે ત્રમેયને રિમાન્ડ પર લઈને પુછપરછ કરવામાં આવી રહી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને ગયા સપ્તાહમાં ઈન્ટેલિજન્સ બ્યુરોએ માહિતી આપી હતી કે આઈએસઆઈ અને આઈએમ સાથે મળીને વારાણસી અથવો તો વડોદરામાં મોદીને ટાર્ગેટ બનાવી શકે છે. ત્યારબાદ સેલે ઇઈએમના કથિત લીડર તહેસીન અખ્તરની પુછપરછ પણ કરી હતી. અખ્તરે પુછપરછ દરમિયાન કહ્યું હતું કે હુમલાની યોજનામાં સીમીના ટોપના લીડરોની ભૂમિકા છે. ત્યારબાદ સેલદ્વારા પટણા જેલમાં રહેલા ઈમ્તિયાઝ, ભોપાલમાં જેલમાં રહેલા મોહમ્મદ ફેઝલ અને અમદાવાદની જેલમાં રહેલા સપદર નાગોરીને ટ્રાન્ઝીટ રીમાન્ડ પર લઈને તેમને દિલ્હી લાવવામાં આવ્યા હતા. અહીં તમામ ત્રણેયને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ સેલના અધિકારીઓ દ્વારા હવે તેમની આકરી પુછપરછ કરવામાં આવી રહી છે. મોદીને પ્રચાર દરમિયાન ટાર્ગેટ બનાવવામાં ‌ાવી શકે છે તેવા અહેવાલ પહેલા પણ પ્રકાશિત કરવામાં આવી ચુક્યા છે. મોદી ત્રાસવાદીઓના હિટલીસ્ટમાં હમેંશા સૌથી ઉપર રહ્યા છે. પટણામાં મોદીની રેલીને ટાર્ગેટ બનાવી અગાઉ બ્લાસ્ટ પણ કરવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં વિકાસ નહિ પણ ભય-આતંકનો માહોલ છે : આનંદ શર્મા

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતમાં વિકાસ થયો નથી પરંતુ ભય અને આતંકનો માહોલ છવાયેલો છે તેવો ગંભીર આક્ષેપ કેન્દ્રના વાણિજ્ય મંત્રીશ્રી આનંદ શર્માએ કરતાં જણાવ્યું હતુ કે ગુજરાત મોડેલ એ દેશ માટે ઘાતક નીવડશે તેમાં કોઈ બેમત નથી.

આજે અમદાવાદમાં પત્રકારો સાથેની વાતચીતમાં વાણિજય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતના વિકાસની વાતો જે કરવામાં આવે છે તેના કરતાં વિપરીત પરિસ્થિતિ રાજ્યની છે. તેમણે જણાવ્યું હતું કે વિદેશી મૂડી રોકાણ મેળવવાની વાત હોય કે પછી કુપોષણથી પીડાતા બાળકોની વાત હોય કે પછી શાળા છોડી જતા બાળકોની વાત હોય ગુજરાત દરેક દરેક ક્ષેત્રમાં પાછળના ક્રમે ધકેલાયું છે.

તેમણે જણાવ્યું હતું કે ભાજપ ભ્રામક વાતો કરી રહ્યું છે. કાળા નાણાંની મદદથી તે આવી વાતો ફેલાવી રહ્યું છે. શ્રી શર્માએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી મોદી વારંવાર જુઠ્ઠા ઉચ્ચારણો કરી રહ્યા છે.

ગુજરાત મોડેલ વિશે કેન્દ્રીયમંત્રીશ્રી આનંદ શર્માએ રસપ્રદ આંકડાકીય તથ્યો સાથે જણાવ્યું હતું કે ગુજરાતમાં શિક્ષણનું વેપારીકરણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ઉદ્યોગપતિઓના લાભાર્થે સરકાર કામ કરે છે, ગુજરાત માનવ સુચક આંકમાં ઘણુ પાછળ છે, નર્મદાનું પાણી ખેડૂતોને સિંચાઈ માટે આપવાને બદલે ઉદ્યોગોને ફાળવી દેવામાં આવે છે, માતા મૃત્યુ દુર, મહિલા કુપોષણ, બાળકોનુ કુપોષણ, આદિવાસી અને દલિતોની સ્થિતિ, સહિત અનેક બાબતોમાં ગુજરાત ઘણુ પાછળ પડી ગયું છે. ગુજરાતમાં ઘણા વર્ષોથી સરકારી અને ગ્રાંટેડ શાળા-કોલેજોને મંજુરી આપવાનું બંધ કરવાને લીધે શિક્ષણ અતિ મોંઘુ થયું છે. પુરા પગાર સાથે શિક્ષક અને અધ્યાપકોની ભરતી કરવામાં આવતી નથી, ઈન્દિરા આવાસમાં કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂ. ૨૪૧ કરોડ રાજ્ય સરકારને આપ્યા પણ પ્રથમ ચાર માસમાં માત્ર ૩૮ કરોડનો ખર્ચ થયો. ૨૪ જિલ્લામાં ૪૬,૦૯૪ લાભાર્થીના લક્ષ્ય સામે ભાજપ સરકાર માત્ર ૩૩૨ લાભાર્થીને ઘર બનાવવાની મંજુરી આપી છે. ૨૦૦૧માં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી શાસનમાં આવ્યા ત્યારે ગુજરાતનું દેવુ ૨૬ હજાર કરોડ હતુ આજે ૧ લાખ ૭૦ હજાર કરોડ કરતા વધુ દેવા સાથે ગુજરાત દેશનુ સૌથી વધુ દેવાદાર રાજ્ય તરીકે આગળ વધી રહ્યું છે. આરોગ્ય સેવામાં ગુજરાત દેશમાં ૧૨માં ક્રમાંકે છે, શિક્ષણ પાછળ ખર્ચ કરવામાં ગુજરાત ૧૨માં ક્રમાંકે છે, વિજ ઉત્પાદનમાં ગુજરાત ૧૦મા ક્રમાંકે, જાહેર શૌચાલયમાં ૧૭માં ક્રમાંકે, શિક્ષણમાં ૧૭માં ક્રમાંકે પહોંચી ગયું છે.

ગુજરાતના મુખ્યમંત્રીને ઈતિહાસ, ભુગોળ, અર્થશાસ્ત્ર અને વિદેશનીતિનુ જ્ઞાન નથી તેવુ ખુદ સ્વિકારી ચુકયા છે. ગુજરાતના મુખ્યમંત્રીને કોઈ પ્રશ્ન પુછે તે મંજુર નથી, જવાબદેહી મંજુર નથી, આ વિચારધારા ભારત દેશ માટે યોગ્ય નથી. ભાજપે મેનીફેસ્ટો બનાવવામાં ઘણી તકલીફ પડી, મોટા ભાગની બાબતો કોંગ્રેસ પક્ષના મેનીફેસ્ટોમાંથી ઉપાડી લી જાહેર કરવામાં આવી, દેશમાં નવી મેન્યુફેક્ચરીંગ પોલીસના કારણે ૧૬ ટકામાંથી ૨૫ ટકા ઉત્પાદન તરફ ભારત દેશ આગળ વધશે, ૧૦ કરોડ નવી રોજગારી ઉભી થશે, યુ.પી.એ.ના શાસનમાં ૧૬ નેશનલ ઈનવેસ્ટમેન્ટ ઝોન બનાવવામાં આવ્યા, ચતુષ્કોણીય ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર યુપીએના શાસનમાં અમલમાં આવ્યા.

# મતદાન દિવસે પેટ્રોલ પર ડિસ્કાઉન્ટ મળશે

અમદાવાદ,તા. ૨૭

ગુજરાતમાં ૩૦મી એપ્રિલના દિવસે ઉંચું મતદાન થાય તેની ખાતરી કરવાના હેતુસર ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના પેટ્રોલ પંપ પર પેટ્રોલ ઉપર લીટરદીઠ એક રૂપિયાની રાહત આપવામાં આવશે. ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલિયમ ડિલર્સ એસોસિએશન દ્વારા સવારે ૮ વાગ્યાથી લઈને સાંજે આઠ વાગ્યા સુધી ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. પરંતુ મતદાન કરી ચુક્યા છે તેવી સાબિત આંગળી ઉપર મતદારોને દર્શાવવી પડશે. ઉંચા મતદાનની ખાતરી કરવાના પ્રયાસ હાલમાં ચૂંટણી પંચ દ્વારા પણ કરાયા છે. આના માટે તમામ પગલા પણ લેવાઈ રહ્યા છે.

**ટચુકડી જાહેર ખબર**

**દર ગુરુવારે-રવિવારે**

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨ ૨૨૫૭૧

# મોદી ગુજરાતમાં છ જગ્યા પર ચૂંટણી સભા સંબોધશે

અમદાવાદ,તા. ૨૭

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીનો ચૂંટણી પ્રચારનો દોર જોરદારરીતે જારી રહ્યો છે. આવતીકાલે મોદી કુલ છ ચૂંટણી સભાને સંબોધે તેવી શક્યતા છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે આવતીકાલે ચૂંટણી પ્રચારનો અંત આવનાર છે તે પહેલા મોદી છ સભા સંબોધીને ઝંઝાવત બોલાવશે. આવતીકાલે રાજ્યમાં ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે છ ચૂંટણી સભાઓને સંબોધશે. સમગ્ર દેશમાં ચાય પે ચર્ચા, વિડિયો કોન્ફરન્સિગ, થ્રીડી ટેકનોલોજી ઉપરાંત રેલી અને જાહેરસભાઓના માધ્યમથી નૂતન ભારતની ઉજજવળ આવતીકાલ માટે જન જન સુધી એક ભારત શ્રેષ્ઠ ભારતના મંત્રથી દેશને જોડનાર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યમાં સવારે કોલેજ ગ્રાઉન્ડ-ખેરાલુ, અને જીઆઈડીસી મેદાન, શામળાજી રોડ-મોડાસા, બપોરે નગરપાલિકા ગ્રાઉન્ડ, બસ સ્ટેન્ડ સામે-લુણાવાડા, નવજીવન કોલેજ ગ્રાઉન્ડ-દાહોદ, શાસ્ત્રી મેદાન-વલ્લભવિદ્યાનગર અને સાંજે જીમખાના મેદાન, બસ સ્ટેન્ડ પાસે-અમરેલી ખાતે ચૂંટણી સભાઓને સંબોધશે.

# પાખંડી રામદેવ સામે ઉગ્ર વિરોધ, દલીત સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો

## કલોલમાં એન.એસ.યુ.આઈ. દ્વારા પૂતળાદહન કરાયું, અમદાવાદના કાગડાપીઠ પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૭

છેલ્લા ઘણા સમયથી દેશમાં અમુક તત્વો દ્વારા બેફામ નિવેદનો થઈ રહ્યા છે. દેશની એકતા અને અખંડતીતાને ઠેસ પહોંચાડવાનું કામ દેશ વિરોધી તત્વો દ્વારા કરવામાં આવે છે. રામદેવ ભાજપના એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. રામદેવ સેવાની આડમાં ધંધો કરી રહ્યા છે. ત્યારે દેશની જનતા આ પાખંડીને ઓળખી ગઈ છે. કોંગ્રેસ પાર્ટીના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ઉપર અભદ્ર ટીપ્પણી કરનાર રામદેવ પોતાના સંસ્કાર દેશ સામે છતા કર્યા છે. જેને લઈ દેશના દલિત સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. પરિણામે ગાંધીનગર, જિલ્લા એન.એસ.યુ.આઈ. દ્વારા કલોલ ખાતે રામદેવના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ એન.એસ.યુ.આઈ.ના મહામંત્રી અંકિત બારોટની આગેવાનીમાં કલોલ, સુરત અને અમદાવાદ જેવા શહેરમાં પાખંડી રામદેવ સામે સૂત્રોચ્ચારો કરી પુતળાદહન જેવા કાર્યક્રમો દલિત સમાજના યુવાનો દ્વારા આપવામાં આવ્યા હતા. નિખિલ સિંધાનીયા ગણપત ઠાકોર, રવિ રૂપાણી સહિત ૨૦૦ જેટલા કાર્યકરો જોડાયા હતા. જયારે અમદાવાદના કાગડાપીઠ પોલીસમથક ખાતે દલિત સમાજના યુવાનોએ જોરદાર સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરી પાખંડી રામદેવ સામે કાગડાપીઠ પોલીસમથકમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઉગ્ર વિરોધ પ્રદર્શનમાં હિતેન્દ્રભાઈ ડોરીયા, ગૌરાંગ વેગડા, રવિ વાણીયા, સંજય પરમાર, વિપુલ સોલંકી, પંકજ મકવાણા, ભરતભાઈ, પ્રદિપભાઈ દિવ્યાંગ વેગડા, અનિકેત ખુડઘરા, દિપકભાઈ, સહિત અસંખ્ય યુવાનો જોડાયા હતા.






# યુવાનોને નેતૃત્વ નહિ સોંપાય તો કોંગ્રેસ માટે ૨૦૧૭ અને ૨૦૧૯માં પણ જોખમ

કોંગ્રેસ સરકારની એક નહી હજારો ભૂલો છે જેનો સીધો ફાયદો ભાજપને મળી રહ્યો છે. યુપીએ સરકાર તેના સાથી પક્ષોને સાચવવામાં લોકોની યાતનાઓ ભૂલી ગઈ છે. સરકારમાં જયાં પણ એપોઈનમેન્ટ કરી ત્યાં ટોપલેવલના ઓફિસરો નારાજ થયા છે. પરિણામ એ આવ્યું કે પોતાના પણ પારકા બની ગયા. કોંગ્રેસે જેમને પ્લેટફોર્મ આપ્યું તેમણે જ અણીના સમયે કોંગ્રેસને જ ફસાવી દીધી. એટલે કહેવાય છે કે એડમિનિસ્ટ્રેશન પાવર કોંગ્રેસમાં એકમાત્ર ઈન્દિરા ગાંધી પાસે હતો, એવા બીજા કોઈ નેતા કોંગ્રેસને મળી શક્યા નથી. હવે કોંગ્રેસે તેના ભૂતકાળના ૧૦ વર્ષના શાસનનો સર્વે કરવા જોઈએ કે જેથી આ દસકામાં થયેલી ભૂલોનું પુનરાવર્તન અટકી શકે...

ગુજરાતમાં કોંગ્રેસની સૌથી મોટી ભૂલ એ છે કે તેણે સેકન્ડ કેડરને મોકો આપ્યો જ નથી. પાર્ટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે ગુજરાતમાં મજબૂત-શક્તિશાળી યુવા નેતૃત્વની જરૂર છે પરંતુ જૂના અને ખાઈ બદેલા નેતાઓ સંગઠનમાં પરિવર્તનને સ્વિકારી શકતા નથી. કોગ્રેસના વાઈસ-્રેસિડેન્ટ રાહુલ ગાંધી જાહેરમાં એમ કહે છે કે કોંગ્રેસ યુવાનો અને મહિલાઓને સૌથી વધુ ચાન્સ આપવા માગે છે, પરંતુ ઉમેદવારો જોતાં એવું લાગે છે કે યુવાનો અને મહિલાઓ આ લીસ્ટમાંથી બાકાત છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ શાસિત એનડીએ સરકાર બનાવશે તો ગુજરાતમાં મોદી રહેવાના નથી તેથી કોંગ્રેસે અત્યારથી જ ૨૦૧૭?? વિધાનસભાની તેમજ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીઓ માટે તૈયારી શરૂ કરી દેવી જોઈએ...

**-મોદ મહાજનનું સ્થાન અમિત શાહે લીધું છે...**

ભારતમાં ભાજપના રાજકારણમાં અટલ અડવાણીનો યુગ ૨૦૦૪ સુધી રહ્યો, ત્યારબાદ ૨૦૦૯માં એકલા લાલકૃષ્ણ અડવાણીનું નેતૃત્વ હતું, પણ હવે યુગ પલટાયો છે. ભારતના ચોથા -ાઈમ મિનિસ્ટર મોરારજી દેસાઈની સરકારમાં અટલ બિહારી વાજપેયી પાસે એક્સટર્નલ અફેર્સ અને લાલકૃષ્ણ અડવાણી પાસે ઈન્ફર્મેશન એન્ડ બ્રોડકાસ્ટીંગ મિનિસ્ટ્રી હતી. ૧૯૭૭?? એ સમય હતો...

**૫૩ ટકા યુવા યુઝર્સની વચ્ચે ૩૭ ટકા અર્બન વોટર્સ ઓનલાઈન**


૧૯૯૯માં વાજપેયી આ દેશના -ધાનમંત્રી બન્યા ત્યારે તેમણે અડવાણીને ડેપ્યુટી -ાઈમ મિનિસ્ટર બનાવ્યા હતા. આ બન્નેની પોસ્ટ વચ્ચે ભાજપનો તેજ ચહેરો -મોદ મહાજન હતો. આજે જો તેઓ હયાત હોત તો -ાઈમ મનિસ્ટરના કેન્ડિડેટ બન્યા હોત. છેલ્લે ૨૦૦૯માં અડવાણીને પાર્ટીએ -ાઈમ મિનિસ્ટરના કેન્ડિડેટ બનાવ્યા હતા. હવે ભાજપમાં મોટું પરિવર્તન આવ્યું છે. અટલ બિહારી અને અડવાણીની જગ્યાએ "મોદી-રાજ" નાથ આવ્યા છે. લટકામાં -મોદ મહાજનના રોલમાં અમિત શાહ છે. યુગ બદલાયો અને નેતાઓ પણ બદલાયા...

**દાહોદ-બારડોલીના વોટર્સમાં વુમન ઇન પાવર...**

ગુજરાતમાં ૫૦ ટકા મહિલા અનામતની ચર્ચા થાય છે, બિલ પાસ થાય છે પરંતુ પુરૂષ -ધાન સમાજમાં મહિલાઓને જોઈએ તેટલું -તિનિધિત્વ મળી શકતું નથી. સ્થાનિક ચૂંટણીમાં ભલે વુમન પાવર હશે પરંતુ વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં મહિલાઓને માત્ર નામનું જ -તિનિધિત્વ મળે છે. ૪૭ થી ૪૯ ટકા મહિલા મતદારો હોવા છતાં તેમને ચૂંટણી લડવાની ટિકીટ માટે લડવું જ પડે છે. હા કોઈ મહિલા સેલિબ્રિટી હોય તો તેને ચાન્સ મળી શકે છે, એ પછી હેમા માલિની હોય કે સ્મૃતિ ઈરાની.. મોટું નામ હોય તો ચૂંટણીની ટિકીટ મળી શકે...!!

ગુજરાતમાં આદિવાસી વિસ્તારોની વસતીમાં એવું જોવામાં આવ્યું છે કે જયાં પુરૂષ કરતાં વધુ મહિલાઓ છે. લોકસભાની ચૂંટણીમાં જોઈએ તો દાહોદ લોકસભામાં આવતી બે વિધાનસભા બેઠકોમાં પુરૂષ કરતાં મહિલા મતદારો વધુ છે. એક છે લીમખેડા જયાં ૮૭૮૨૬ મહિલા સામે ૮૬૮૬૯ પુરૂષ મતદારો છે. ગરબાડામાં ૧૦૯૭૫૮ મહિલા સામે ૧૦૭૯૯૨ પુરૂષ છે. એ જ -માણે બારડોલીની મહુવા બેઠકમાં ૧૦૪૦૧૫ સામે ૧૦૩૫૩૨, વ્યારામાં ૧૦૦૪૧૩ સામે ૯૭૭૪૧ અને નિઝરમાં ૧૨૧૭૫૯ મહિલા સામે ૧૧૯૫૯૮ પુરૂષ મતદારો છે.. આને કહેવાય વુમન પાવર...!

**ભાજપમાં અટલ-અડવાણીની જગ્યાએ 'મોદી-રાજ' નાથની યુતિ**





**સાતમી વાયબ્રન્ટ સમિટમાં મોદી ચીફ ગેસ્ટ...**

ગુજરાતમાં મોદીનો સિતારો બુલંદ થયો હોય તો તેમાં વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટનો મોટો ફાળો છે. સત્તામાં આવ્યા પછી મોદીએ બે વર્ષમાં એવું પ્લાનિંગ કરી દીધું કે તેમને નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલે -સિદ્ધિ મળવાની શરૂ થઈ ગઈ હતી. ૨૦૦૩માં -થમ વાયબ્રન્ટ સમિટ કરીને મોદીએ ઉદ્યોગગૃહો માટે એક પ્લેટફોર્મ ઉભું કર્યુ અને ૨૦૧૩ સુધીમાં તો તે વિશ્વના ઉદ્યોગપતિઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું, હવે સાતમી વાયબ્રન્ટ સમિટ આવી રહી છે...

**ટાઇમ લાઇન**

**- ગૌતમ પુરોહિત**

મોદીએ વાયબ્રન્ટ સમિટ ૨૦૧૫માં તૈયારીઓ ૨૦૧૩માં છેલ્લા વાયબ્રન્ટ સમિટ પછી તુરત જ શરૂ કરી દીધી હતી. મોદી જો દેશના વડા-ધાન બનશે તો ૨૦૧૫માં વાયબ્રન્ટ સમિટમાં યજમાન નહી હોય પરંતુ "ચીફ ગેસ્ટ બનીને આવશે. મોદીની નજરમાં ભલે આખો દેશ હશે પણ તેઓ ગુજરાતને ભૂલી શકે તેવા નથી એટલે આ નેક્સ્ટ વાયબ્રન્ટમાં મોદીનું સુપરવિઝન હોઈ શકે છે. એક બીજી ચર્ચા એવી છે કે -ત્યેક વાયબ્રન્ટનું સ્થળ બદલતા મોદી આ વખતે ગુજરાતની વાયબ્રન્ટ સફરને દેશવ્યાપી બનાવી શકે છે અને તે માટે તેઓ સમિટનું સ્થળ ગાંધીનગરનું મહાત્મા મંદિર નહી, નવી દિલ્હી રાખી શકે છે...

**ધન્ય છે અમદાવાદના પેટ્રોલપંપ સંચાલકોને...**

અમદાવાદીઓ માટે સસ્તુ શબ્દ ખૂબ -ચલિત છે. દેશભરમાં આ મેટ્રો શહેર એવું હશે જયાં ડગલે ને પગલે સેલના પાટીયા લાગેલા હોય...અમદાવાદે તેની કંજૂસાઈ છોડી નથી, જો કે ઉદારતા પણ એટલી જ છે. બહારનું ભોજન અને સ્વાદના ચટકા અમદાવાદીઓને ગળે ઉતર્યા છે. હવે આ મોકાનો ફાયદો અમદાવાદના પેટ્રોલપંપ લઈ રહ્યાં છે. એક અનુકરણીય કામ આ પેટ્રોલપંપના સંચાલકોએ કર્યુ છે. લગભગ ૧૫ પેટ્રોલપંપ મતદાનના કેમ્પેઈનમાં જોડાયા છે...

આઈઓસીના આ પેટ્રોલ સંચાલકોએ જાહેર કર્યુ છે કે જે મતદાર ૩૦?? એ-િલે મતદાન કરીને આંગળી ઉપર મતદાનનું નિશાન બતાવશે તેમને સવારના આઠ વાગ્યા થી રાત્રીના આઠ વાગ્યા સુધી પેટ્રોલમાં એક રૂપિયાનું કન્સેશન આપવામાં આવશે. અમદાવાદીઓ માટે આ જોરદાર આઈડિયા છે, બીજા શહેરોએ પણ આવી સ્કીમ મૂકવી જોઈએ. જોઈએ હવે એક રૂપિયો સસ્તુ પેટ્રોલ લેવા માટે અમદાવાદીઓ કેટલું મતદાન કરે છે...

**૧૭ બેઠકોમાં સોશ્યલ સાઇટનો -ભાવ...**

ભારતની કુલ વસતી ૧.૨૧ અબજ છે જે પૈકી ૩૬ થઈ ૬૦ વર્ષના ૨૪.૫ ટકા, ૧૯ થી ૩૫ વર્ષના ૨૮.૯ ટકા અને શૂન્ય થી ૧૮ વર્ષના લોકોની સંખ્યા ૩૮.૮ ટકા છે. આપણા દેશમાં ૬૦ કે તેથી ઉપરના લોકોની સંખ્યા માત્ર ૭.૧ ટકા છે. વસતીની સામે મતદારોની સંખ્યા વધીને ૮૨ કરોડ થઈ છે, જે ગુજરાતમાં છ કરોડની વસતીમાં ચાર કરોડ છે. ગુગલના સર્વે -માણે દેશના શહેરોના ૩૭ ટકા અર્બન વોટર્સ ઓનલાઈન છે જે પૈકી સોશ્યલ મિડીયા ઉપર ૫૩ યુવા ટકા યુઝર્સ છે અને આ સોશ્યલ મિડીયા લોકસભાની ૫૪૩ પૈકી ૧૬૦ બેઠકોને અસર કરે છે. ગુજરાતમાં આવી ૧૭ બેઠકો છે..

**૩૦મીએ મતદાન કરો અને પેટ્રોલમાં એક રૂપિયાનું કમિશન મેળવો**

માઈન્ડને "રિવાઈન્ડ કરીએ તો ઉત્તર-દેશમાં સમાજવાદી પાર્ટીની સરકાર આવી ત્યારે હાલના મુખ્ય-ધાન અખિલેશ યાદવે સોશ્યલ મિડીયાનો સૌથી વધુ ઉપયોગ કર્યો હતો. કર્ણાટકમાં કોંગ્રેસે પણ આ મોડેલ અપનાવ્યું હતું. રાજસ્થાનમાં વસુંધરા રાજે પણ સોશ્યલ મિડીયાનો ઉપયોગ કરીને સફળ બન્યા છે. લોકસભામાં હવે નરેન્દ્ર મોદી સૌથી વધુ સોશ્યલ મિડીયામાં છવાયેલાં છે. આજે પરિવર્તનનો પવન છે જેમાં કોંગ્રેસના નેતાઓ કરતાં મોદી અને આમ આદમી પાર્ટીના સુપ્રિમો અરવિંદ કેજરીવાલ છવાયેલા છે તેનું એક જ કારણ છે કે આ બન્ને નેતાઓ સમજે છે કે આજનો યુવાન સોશ્યલ સાઈટથી વધારે -ભાવિત છે. આ દાખલો કોંગ્રેસના નેતાઓને ગળે ઉતરતો નથી...

**કોગ્રેસે ખૂબ ઝડપથી હાર માની લીધી...**

ઈતિહાસમાં પહેલા યુદ્ધ થતાં હતા ત્યારે મજબૂત યોદ્ધાઓ સામે કમજોર સાબિત થતા -તિસ્પર્ધી જૂથના સેનાપતિ તેમના સૈનિકોનો જુસ્સો અકબંધ રાખવા એવું કહેતા હતા કે "આપણે જ આ યુદ્ધ જીતી જવાના છીએ. મનમાં મક્કમ નિર્ધાર કરો, ભલે કુરબાની આપવી પડે, આપણે આપણા અસ્તિત્વ માટે છેલ્લી ઘડી સુધી લડવું જ રહ્યું, છેવટે વિજય આપણો જ છે." આ તો થઈ રાજાઓની વાત, હવે રાજાઓના વેશમાં આવેલા આપણા રાજનેતાઓ ભાન ભૂલ્યા છે. ચૂંટણી જંગમાં હાર માનીને તેમના સૈનિકોને "પીછેહઠ નો સંદેશો આપી રહ્યાં છે. આજકાલ કોંગ્રેસમાં આવો માહોલ સર્જાયો છે....

લોકસભાની ચૂંટણીમાં અત્યાર સુધીમાં સાત તબક્કા પૂર્ણ થયા છે અને ત્રણ બાકી છે ત્યારે કાર્યકરોને ચૂંટણી જંગમાં કામે લાગી જવાની જગ્યાએ કોંગ્રેસના લિડરો હથિયાર હેઠાં મૂકીને એવું કહી રહ્યાં છે કે "કોંગ્રેસ દિલ્હીમાં થર્ડ ફ્રન્ટને ટેકો આપશે.."??? મતલબ એ થયો કે દિલ્હીમાં મોદીને સત્તા ઉપર આવતા અટકાવવા માટે કોંગ્રેસે અત્યારથી જ પ્લાનિંગ કરી દીધું છે. મિડીયા સર્વેના આધારે તેમજ આંતરિક સર્વેના તારણો કોંગ્રેસ માટે -ભાવિત નહી હોવાથી પાર્ટીના સિનિયર નેતાઓ એક પછી એક એવું ઈજન આપી રહ્યાં છે કે "અમે થર્ડ ફ્રન્ટને ટેકો આપીશું..." છાપ એવી પડે છે કે પૃથ્વીરાજ ચૌહાણ અને સલમાન ખુરશીદ કોંગ્રેસની ટીમને નિરાશ કરે છે...

**રામદેવે સંત સમાજને શરમમાં મૂક્યો...**

જેના મનમાં દ્વેશભાવ, સ્વાર્થ, કટુતા, ક્રોધ કે મોહ હોતા નથી તે જ સાચો સંત કહેવાય છે. સંત તો સંસારના -ત્યેક જીવોને એક સમાન માને છે છતાં સત્તાના મદમાં લચી પડેલા કેટલાક સંતોએ ભારત દેશને શરમમાં નાંખી દીધો છે. પૂજય ડોંગરેજી મહારાજ જેવા સંત આ દેશને મળવા મુશ્કેલ છે. હા, તેમના નામની દુહાઈ જરૂર દેવામાં આવે છે પરંતુ તેમના જેવું આચરણ બીજા સંતો કરી શકતા નથી. ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં સંતોની સરસ વ્યાખ્યા કરી છે છતાં આપણા પોલિટીકલ સંતો તે સમજી શક્યા નથી...

ભારતમાં આસારામ બાપુનો દાખલો તાજો છે. સન્નારીઓનો ઉપયોગ કરવાનો જેમના ઉપર આરોપ છે તેવા આ સંત તેમના પરિવારનો સાથ મેળવીને લોકોનો કેવો ઉપયોગ કરતા રહ્યા હતા તેની ઝલક ભારત દેશના -ત્યેક સાધક અને ભક્તે જોયો છે. મહિલાને સન્માન ન આપી શકે તેને સંત કહેવાય ખરા..? ..એવો "લાગી ચૂક્યો છે. હવે બીજા સંત છે યોગગુરૂ બાબા રામદેવ... આ યોગીને સંત કહેવા યોગ્ય જણાતા નથી. રાહુલ દલિતોના ઘરે પિકનીક અને હનીમૂન માટે જાય છે તેવું કહીને બાબા રામદેવ તેમની કડવી વાણીથી દલિત સમાજનો ભરોસો ખોઈ બેઠા છે. તેમણે ભાજપને ફાયદો નહી નુકશાન કરાવ્યું છે...

**આખરે મોદીને ગુજરાતમાં ઉતરવું પડ્યું...**

ગુજરાતમાં ૨૬-૦ નો સ્કોર સેટ કરવા માટે છેલ્લી ઘડીએ ભાજપના વડા-ધાનના કેન્ડિટેટ નરેન્દ્ર મોદીને રાજયભરમાં જાહેર સભાઓ કરવી પડી છે. દેશમાં ભ્રમણ કરી રહેલા મોદીનો ગુજરાતમાં -ચાર કરવાનો ઈરાદો ન હતો, પરંતુ પાર્ટીના સૂત્રોએ વિનંતી સાથે એવું ભયસ્થાન વ્યક્ત કર્યુ હતું કે કેટલીક બેઠકોમાં કોંગ્રેસના ઉમેદવાર મજબૂત હોવાથી ભાજપને નુકશાન થાય તેમ છે તેથી "હોમપીચ ઉપર સભાઓ કરવી પડશે. મોદીએ ચૂનંદા બેઠકો કે જયાં કોંગ્રેસના ઉમેદવારો મજબૂત છે ત્યાં સભાઓ કરી સ્કોર સેટ કરવાનો -યાસ કર્યો છે*